# ચીની પ્રમુખ જિનપિંગ કાલથી અમેરિકાની ત્રણ દિવસની મુલાકાતે

**દ્વિપક્ષી** સંબંધો ઉપરાંત પશ્ચિમ એશિયા સંઘર્ષ, રશિયા-યુક્રેન યુદ્ધ, અવકાશી શસ્ત્ર સ્પર્ધા સહિત અનેક મુદ્દે ચર્ચા થવાની આશા

**ચીને** અમેરિકાને ઇરાન સાથે યુદ્ધનો અંત લાવવા વિનંતી કરે તેવી શક્યતા

બીજિંગ, તા. 21(પીટીઆઈ): ચીનના પ્રમુખ ઝી જિનપિંગ 23 થી 25 સપ્ટેમ્બર દરમિયાન તેમના અમેરિકી સમકક્ષ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે સમિટ માટે વોશિંગ્ટનની મુલાકાત લેશે. છ મહિનામાં બંને પ્રમુખોની આ બીજી મુલાકાત હશે, જેને બીજિંગે ઐતિહાસિક મહત્વનો સીમાચિહ્નરૂપ પડાવ ગણાવ્યો છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગો જીઆકુને સોમવારે અહીં એક મીડિયા બ્રિફિંગમાં જાહેરાત કરી હતી કે ઝી ટ્રમ્પના નિમંત્રણ પર ત્રણ દિવસ માટે અમેરિકાની મુલાકાતે જશે. ટ્રમ્પ સાથેની વાટાઘાટો દરમિયાન, ઝી ચીન-અમેરિકા સંબંધો તેમજ વિશ્વ શાંતિ અને વિકાસ સંબંધિત મુખ્ય મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક વિચાર-વિમર્શ કરશે, તેમ ગો એ જણાવ્યું હતું. તેમણે કહ્યું, "છ મહિનાના સમયગાળામાં બંને દેશોના વડાઓની આ પરસ્પર મુલાકાતો ઐતિહાસિક મહત્વનો સીમાચિહ્નરૂપ પડાવ બની રહેશે." બંને નેતાઓ છેલ્લે મે મહિનામાં ટ્રમ્પની ચીન મુલાકાત દરમિયાન બીજિંગમાં મળ્યા હતા, જ્યાં તેઓએ વિશ્વના બે સૌથી મોટા અર્થતંત્રો વચ્ચેના સંબંધોને સુધારવાના ઉદ્દેશ્યથી વાટાઘાટો કરી હતી. વેપાર ટેરિફ અને ટેકનોલોજીથી લઈને AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ), સૈન્ય-થી-સૈન્ય સંબંધો, પશ્ચિમ એશિયામાં સંઘર્ષ, રશિયા-યુક્રેન યુદ્ધ, અવકાશી શસ્ત્ર સ્પર્ધા અને તાઈવાનને અમેરિકી શસ્ત્રોના વેચાણ સુધીના વિવિધ મુદ્દાઓ બંને વિશ્વ નેતાઓ વચ્ચેની બેઠકમાં ચર્ચાય તેવી શક્યતા છે. ઝીની મુલાકાત પહેલાં, ચીનના નાયબ વડાપ્રધાન હી લિફેંગ, અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટ અને અમેરિકાના ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમીસન ગ્રીરે રવિવારે ન્યૂયોર્કમાં AI સહિતના આર્થિક અને વેપાર મુદ્દાઓ પર "નિષ્પક્ષ, ઊંડાણપૂર્વકની અને રચનાત્મક" વાટાઘાટો કરી હતી.

ઈરાન-અમેરિકા સંઘર્ષ પણ શિ-ટ્રમ્પ વાટાઘાટોમાં સામેલ થવાની ધારણા છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી ગયા અઠવાડિયે બીજિંગની મુલાકાતે આવ્યા હતા અને વાંગ સાથે વાટાઘાટો કરી હતી, જે દરમિયાન તેમણે કહ્યું હતું કે તહેરાન આ સંઘર્ષ ચાલુ રાખવા માંગતું નથી અને ઉકેલ માટે રાજદ્વારી માર્ગો પર પાછા ફરવાની આશા રાખે છે. ચીનના વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ચીને ઈરાન અને અમેરિકાને ઈસ્લામાબાદ મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ(MoU) પર પાછા ફરવા, વાટાઘાટોની પદ્ધતિનું પુનઃનિર્માણ કરવા અને પરસ્પર ચિંતાના મુદ્દાઓ પર સાર્થક પરામર્શ કરવા વિનંતી કરી છે.

## મહેશ ભટ્ટે પરિવાર સાથે ઉજવ્યો 78મો જન્મદિવસ

મુંબઈ, તા. 21: ફિલ્મમેકર મહેશ ભટ્ટે 20 સપ્ટેમ્બરે પોતાનો 78મો જન્મદિવસ તેમનાં પત્ની, અભિનેત્રી સોની રાઝદાન અને સંતાનો પૂજા ભટ્ટ, રાહુલ ભટ્ટ તથા શાહીન ભટ્ટની હાજરીમાં ઉજવ્યો હતો. જોકે, તસવીરોમાં આલિયા ભટ્ટ, રણબીર કપૂર અને તેમની પુત્રી રાહા જોવા મળ્યા ન હતા, જ્યારે આ નાની પારિવારિક ઉજવણીની ઝાંખીઓ સોની અને પૂજા દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી હતી. જન્મદિવસના હીરો (મહેશ ભટ્ટ) ફ્રેમમાં દેખાતા પરિવારના સભ્યો સાથે પોઝ આપી રહ્યા છે તેવો એક વીડિયો ક્લિપ શેર કરતાં સોની રાઝદાને લખ્યું, "હેપ્પી બર્થડે બેબી." પૂજા ભટ્ટે પણ આ ઉજવણીની અનેક તસવીરો શેર કરી હતી અને તેના કેપ્શનમાં લખ્યું, "હૂંફ, કેક, કૃતજ્ઞતા, કૃપા."

## અમિત શાહ 'હનુમાન અંશ'ના કલાકારોને મળ્યા

નવી દિલ્હી, તા. 21 (PTI) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોમવારે 'હનુમાન અંશ'ના કલાકારો સાથે મુલાકાત કરી હતી અને નીમ કરોલી બાબાના જીવન પર આધારિત આ ફિલ્મની સફળતા બદલ તેમને અભિનંદન પાઠવ્યા હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. ડોક્ટર-ફિલ્મમેકર વિશાલ ચતુર્વેદી અને મુખ્ય અભિનેતા શોભિનાવ સત્યા સહિતની ફિલ્મની ટીમે અહીં શાહ સાથે મુલાકાત કરી હતી. શાહે 'એક્સ' પર પોસ્ટ કરી જણાવ્યું હતું કે, "આજે નવી દિલ્હીમાં બાબા નીમ કરોલીજીના જીવન પર આધારિત ફિલ્મ 'હનુમાન અંશ'ના કલાકારો સાથે મુલાકાત કરી." શાહે કહ્યું, "બાબા નીમ કરોલીજીની આધ્યાત્મિક યાત્રા અને ભગવાન પ્રત્યેની તેમની અનન્ય ભક્તિને સિનેમાના માધ્યમથી જનજન સુધી પહોંચાડવાના આ પ્રશંસનીય પ્રયાસ બદલ સમગ્ર ટીમને હૃદયપૂર્વક અભિનંદન."

## નાગાલેન્ડની ફિલ્મ 'અંગ'ને ઓસ્કારમાં ડાયરેક્ટ એન્ટ્રી

કોહિમા, તા. 21: નાગાલેન્ડની ફિલ્મ 'અંગ'ને 2027ના ઓસ્કાર અવોર્ડ્સની 'ઇન્ટરનેશનલ ફીચર ફિલ્મ' કેટેગરીમાં ડાયરેક્ટ એન્ટ્રી મળી ગઈ છે. આ વર્ષે ભારત તરફથી ઓસ્કારમાં જનારી આ બીજી ફિલ્મ હશે. આ પહેલાં મરાઠી ફિલ્મ 'ગોંધલ'ને ભારતની ઓફિશિયલ એન્ટ્રી મળી હતી. વાસ્તવમાં 'અંગ'એ ટોરેન્ટો ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ (ટીઆઈએફએફ) 2026માં પ્લેટફોર્મ પ્રાઇઝ જીત્યું છે. આ જ પ્રાઇઝે ફિલ્મને ઓસ્કારમાં ડાયરેક્ટ એન્ટ્રી અપાવી છે. નાગા ફિલ્મમેકર થેજા રિયોની આ ફિલ્મ ધર્મ પરિવર્તનથી પોતાની સંસ્કૃતિ બચાવવાની કોશિશ કરતા એક આદિવાસી વ્યક્તિની વાર્તા છે. આ વર્ષે ટીઆઈએફએફમાં પસંદ થયેલી આ એકમાત્ર ભારતીય ફિલ્મ હતી. 'અંગ'ની વાર્તા 1960ના દાયકાના નાગાલેન્ડની છે, જ્યાં એક અમેરિકી મિશનરીના આવ્યા પછી ગામનું ચિત્ર બદલાવા લાગે છે.

# છેલ્લા પાંચ વર્ષમાં દેશની આઇઆઇટીઝમાં કુલ ૩૯ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી

**આઇઆઇટી** બોમ્બેના બનાવે ફરી એકવાર વિદ્યાર્થીઓના આપઘાતો અંગે ચર્ચા જગાડી

**ગયા** વર્ષે વિક્રમી ૧૬ આપઘાતના બનાવો બન્યા, આ વર્ષે અત્યાર સુધીમાં ૯ બનાવો બન્યા

નવી દિલ્હી, તા. ૨૧(પીટીઆઈ): ૧૮ સપ્ટેમ્બરે આઈઆઈટી બોમ્બેના એક વિદ્યાર્થીનું કેમ્પસમાં આવેલા પોતાના હોસ્ટેલ રૂમના સિલિંગ ફેન સાથે લટકેલી હાલતમાં મૃત્યુ થતાં વિરોધ પ્રદર્શનો શરૂ થયા છે, જેનાથી વિદ્યાર્થીઓના આત્મહત્યાના બનાવો ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવી ગયા છે.

આ ઘટના ગત મહિને આઈઆઈટી દિલ્હીના એક વિદ્યાર્થી દ્વારા કરાયેલી આત્મહત્યા બાદ બની છે, જેના કારણે કેમ્પસમાં ભારે રોષ વ્યાપી ગયો હતો. દેશની આ અગ્રણી ટેકનિકલ સંસ્થાઓમાં તાજેતરના વર્ષોમાં બનેલી આવી અનેક આત્મહત્યાઓની ઘટનાઓમાંથી આ પણ એક છે. શિક્ષણ મંત્રાલયે જુલાઈ ૨૦૨૩માં સંસદમાં માહિતી આપી હતી કે ૨૦૧૮ થી ૨૦૨૩ દરમિયાન પાંચ વર્ષમાં તમામ આઈઆઈટીમાં ૩૯ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે. 'ગ્લોબલ આઈઆઈટી એલ્યુમનાઈ સપોર્ટ ગ્રુપ' દ્વારા એકત્ર કરાયેલા ડેટા અનુસાર, છેલ્લા ૨૦ વર્ષમાં વિદ્યાર્થીઓના ૧૭૧ અકુદરતી મૃત્યુ નોંધાયા છે, જેમાંના ૮૨ ટકા કેસ કેમ્પસમાં થયેલી આત્મહત્યાના છે. હાલના આંકડાઓ જોઇએ તો આઇઆઇટીઝમાં વર્ષ ૨૦૨૫માં વિક્રમી ૧૬ આપઘાતના બનાવો બન્યા હતા, તેના પહેલા ૨૦૨૪માં ૧૫ અને ૨૦૨૩માં ૧૪ બનાવો બન્યા હતા. આ વર્ષે અત્યાર સુધીમાં ૯ બનાવો બન્યા છે. આંકડાઓ મુજબ છેલ્લા પાંચ વર્ષમાં દેશની આઇઆઇટીઝમાં સૌથી વધુ આપઘાતના બનાવ આઇઆઇટી ખડગપુરમાં બન્યા છે જે ૧૧ છે તેના પછી કાનપુર, મદ્રાસ અને દિલ્હી અનુક્રમે ૯, ૯ અને ૮ના આંકડા સાથે અવે છે

ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની માનસિક સ્વાસ્થ્ય સંબંધી ચિંતાઓ દૂર કરવા અને આત્મહત્યા અટકાવવા માટે રચાયેલી નેશનલ ટાસ્ક ફોર્સે તેના વચગાળાના અહેવાલમાં નોંધ્યું છે કે, શૈક્ષણિક સંસ્થાઓમાં આત્મહત્યાની આ "મહામારી" માટે શૈક્ષણિક દબાણ, જ્ઞાતિ આધારિત ભેદભાવ, નાણાકીય તણાવ અને જાતીય સતામણી, પરીક્ષામાં નિષ્ફળતા વગેરે જેવા અનેક પરિબળો જવાબદાર છે. જૂન ૨૦૨૬માં સાર્વજનિક કરાયેલા આ અહેવાલમાં નોંધવામાં આવ્યું હતું કે, તમામ આઇઆઇટીના ફેકલ્ટી સભ્યો માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે પોતાને અસક્ષમ અનુભવતા હતા અને ૯૦ ટકા ફેકલ્ટી પાસે આવી સંવેદનશીલ ચિંતાઓ ધરાવતા વિદ્યાર્થીઓને સહયોગ આપવા માટે યોગ્ય તાલીમનો અભાવ હતો.

# અમેરિકાના ઓસ્ટિનમાં ઈમિગ્રેશન અધિકારીએ યુવક પર ગોળીબાર કર્યો

**ઘટના** બાદ સ્થળ પર સેંકડો લોકોએ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ સામે વિરોધ પ્રદર્શન કર્યા

**સ્થાનિક** પોલીસ અને મેયર દ્વારા ઘટનાની નિષ્પક્ષ તપાસની માગ કરવામાં આવી

ઓસ્ટિન (યુએસ), તા. 21 (એપી): અમેરિકાના ટેક્સાસ રાજ્યના ઓસ્ટિન શહેરમાં રવિવારે બપોરે ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE)ના અધિકારીએ એક વ્યક્તિ પર ગોળીબાર કરીને તેને ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યો હતો. આ ઘટના બાદ સ્થળ પર ICE વિરોધી પ્રદર્શનકારીઓ મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા.

ઓસ્ટિન શહેરના સત્તાવાળાએ જણાવ્યા અનુસાર, ઉત્તર ઓસ્ટિનમાં ટ્રાફિક સ્ટોપ દરમિયાન આ ઘટના બની હતી. ગોળી વાગવાથી ઘાયલ થયેલી વ્યક્તિની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે અને તેની હાલત ગંભીર પરંતુ સ્થિર છે.

પીડિતના પરિવારના ઈમિગ્રેશન વકીલે તેની ઓળખ વેનેઝુએલાના 28 વર્ષીય નાગરિક વિલ્બર રાફેલ ગાર્સેસ પેરેઝ તરીકે કરી છે.

વકીલના જણાવ્યા મુજબ, હોસ્પિટલે પરિવારને કોઈ સત્તાવાર જાણ કર્યા વિના જ ઘાયલ વ્યક્તિને કસ્ટડીમાં સોંપી દીધો હતો. સ્થાનિક પોલીસે સ્પષ્ટતા કરી છે કે આ ઓપરેશન કે ફાયરિંગમાં તેમની કોઈ ભૂમિકા ન હતી.

ઓસ્ટિનના ડેમોક્રેટિક મેયર કિર્ક વોટ્સને માંગ કરી છે કે તપાસમાં સ્થાનિક પોલીસને સામેલ કરવામાં આવે જેથી તટસ્થતા જળવાઈ રહે. તેમણે ભારપૂર્વક કહ્યું કે ICEએ પોતાની મેળે તપાસ કરવી યોગ્ય નથી અને શહેરીજનોને સુરક્ષિત અનુભવવાનો સંપૂર્ણ હક છે.

ઘટનાસ્થળે એકત્રિત થયેલા આશરે 100 જેટલા પ્રદર્શનકારીઓએ સૂત્રોચ્ચાર કરીને વિરોધ નોંધાવ્યો હતો. અમેરિકી સાંસદ ગ્રેગ કેસારે આ ઘટનાની સખત નિંદા કરતાં પારદર્શક તપાસની માગ કરી છે.

ઉલ્લેખનીય છે કે, ચાલુ વર્ષે ઉનાળામાં સમગ્ર દેશમાં કડક ઈમિગ્રેશન ઝુંબેશ ચલાવી રહ્યું છે, જે અંતર્ગત જુલાઈ અને ઓગસ્ટમાં વિક્રમજનક 50,000થી વધુ અટકાયતો કરવામાં આવી છે.

# રામ મંદિરમાં દાન ચોરી: SITને 70 નહીં પણ મળ્યા 105 કેસ

**25** સપ્ટેમ્બર સુધીમાં ચાર્જશીટ દાખલ કરાશે

**સુપ્રીમ** કોર્ટમાં સોંપાયો તપાસ રિપોર્ટ; દાનના નાણાં અને કિંમતી વસ્તુઓ બેંક લોકરમાં ટ્રાન્સફર કરતા પહેલા ગુપચુપ રીતે બારોબાર ગપચાવી દેવાતી હતી

નવી દિલ્હી, તા. 21: અયોધ્યાના શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં દાનમાં મળેલી રકમ અને ભેટ-સોગાદોની ચોરી અંગે સુપ્રીમ કોર્ટ દ્વારા ગઠિત સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) એ સોમવારે પોતાનો સ્ટેટસ રિપોર્ટ સુપ્રિમ કોર્ટમાં રજૂ કર્યો હતો. સીસીટીવી ફુટેજ, દસ્તાવેજો અને સાક્ષીઓના નિવેદનોના આધારે એસઆઈટીએ ચોરીની 105 અલગ-અલગ ઘટનાઓ શોધી કાઢી છે.

ઉત્તર પ્રદેશ સરકાર તરફથી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ચીફ જસ્ટિસ સૂર્ય કાંતની બેન્ચને આ બાબતે માહિતગાર કરતા જણાવ્યું હતું કે તપાસ પૂર્ણતાના આરે છે અને 25 સપ્ટેમ્બર સુધીમાં આ કેસમાં ચાર્જશીટ દાખલ કરી દેવામાં આવશે.

સ્ટેટસ રિપોર્ટ અનુસાર, દાનના નાણાં અને કિંમતી વસ્તુઓને એસબીઆઈ (SBI) બેંક લોકરમાં ટ્રાન્સફર કરતા પહેલા કેવી રીતે ગુપચુપ રીતે બારોબાર ગપચાવી દેવાતા હતા તેનો ચોક્કસ ઘટસ્ફોટ થયો છે.

આ કૌભાંડમાં સામેલ મંદિરના આઠ કર્મચારીઓની જૂન મહિનામાં જ અટકાયત કરવામાં આવી હતી, જેમના કબજામાંથી પોલીસને રૂ. 79.85 લાખની રોકડ રકમ પણ મળી આવી હતી. આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા અને ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

આ વિવાદ સામે આવ્યા બાદ રામ મંદિર ટ્રસ્ટના વરિષ્ઠ અધિકારીઓ ચંપત રાય અને અનિલ મિશ્રાને તેમના હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યા હતા.

ટ્રસ્ટમાં હવે પૂર્વ સૈન્ય અધિકારી જિતેન્દ્ર મિશ્રાને સીઈઓ બનાવી નવું વહીવટી માળખું અમલી કરાયું છે. સુપ્રીમ કોર્ટે એસઆઈટીની તપાસ કામગીરી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો, પરંતુ અરજદારોને હાલ તબક્કે રિપોર્ટની નકલ સોંપવાની ના પાડીને સેશન્સ કોર્ટની વ્યાખ્યામાં હસ્તક્ષેપ કરવાનું ટાળ્યું હતું.

# યુઝર્સનો લોકેશન ડેટા ટ્રેક કરવો ગૂગલને ભારે પડ્યો

**યુરોપીયન** યુનિયને ગૂગલ પર રૂ. 4,431 કરોડનો દંડ લગાવ્યો

**પ્રાઈવસી** નિયમોના ભંગ બદલ ગૂગલ પર 463 મિલિયન ડોલરનો જંગી દંડ

ડબલીન, તા. 21 (એપી): યુરોપીયન યુનિયન (EU)ના કડક પ્રાઈવસી નિયમોનો ભંગ કરવા બદલ ટેકની મોટી કંપની ગૂગલ પર 403 મિલિયન યુરો (આશરે 4,431.5 કરોડ રૂપિયા)નો ભારે દંડ ફટકારવામાં આવ્યો છે. ગૂગલ દ્વારા યુઝર્સના લોકેશન ડેટાની અયોગ્ય રીતે સંગ્રહ અને પ્રોસેસિંગ કરવામાં આવી હોવાનું સામે આવ્યા બાદ આ દંડ લાદવામાં આવ્યો છે.

આયર્લેન્ડના ડેટા પ્રોટેક્શન કમિશને સોમવારે જણાવ્યું હતું કે તેમની 6 વર્ષ લાંબી તપાસમાં જાણવા મળ્યું છે કે ગૂગલે તેના 'વેબ એન્ડ એપ એક્ટિવિટી' અને 'લોકેશન હિસ્ટ્રી' ફીચર હેઠળ યુઝર્સના લોકેશન ડેટાને ગેરકાયદેસર અને અસ્પષ્ટ રીતે પ્રોસેસ કર્યો હતો. આ ઉપરાંત, એન્ડ્રોઈડ ઓપરેટિંગ સિસ્ટમમાં 'લોકેશન એક્યુરેસી' ફીચર દ્વારા વ્યક્તિગત ડેટા એકત્રિત કરવામાં પણ ગૂગલ પારદર્શિતા જાળવવામાં નિષ્ફળ રહ્યું હતું. ડબલીનમાં ગૂગલનું યુરોપીયન મુખ્યાલય આવેલું હોવાથી આયર્લેન્ડ આ 27 દેશોના સંગઠન માટે મુખ્ય નિયમનકાર તરીકે કામ કરે છે.

આ તપાસ વર્ષ 2018થી 2020 દરમિયાન યુરોપિયન યુનિયનના 'જનરલ ડેટા પ્રોટેક્શન રેગ્યુલેશન' (GDPR)ના અમલીકરણ સંબંધિત હતી. ગૂગલે આ અંગે પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે આ કિસ્સો તેની જૂની નીતિઓ સાથે જોડાયેલો છે અને 2019 પછી કંપનીએ પોતાના નિયમોમાં સુધારા કરીને યુઝર્સ માટે સરળ ટૂલ્સ રજૂ કર્યા છે. આયરિશ વોચડોગ દ્વારા ફટકારવામાં આવેલો આ ચોથો સૌથી મોટો દંડ છે, જ્યારે ગૂગલ વિરુદ્ધ વધુ ત્રણ પ્રાઈવસી તપાસ પણ હાલ ચાલી રહી છે.

# કેનેડામાં ફ્લાઈટ ટ્રેનિંગ દરમિયાન બે ભારતીય વિદ્યાર્થીઓનાં મોત

ટોરેન્ટો, તા. 21 (PTI): કેનેડામાં ફ્લાઈટ ટ્રેનિંગ દરમિયાન એક દુર્ઘટનામાં બે ભારતીય વિદ્યાર્થીઓનાં મોત થયાં છે. એમ ભારતીય મિશને જણાવ્યું છે.

તમિલનાડુના મનોજ શિવકુમાર અને પુડુચેરીના શ્રીસરણ તિરુજ્ઞાનસંબન્થમ ફ્લાઈટ ટ્રેનિંગ પર હતા ત્યારે તેમનું મૃત્યુ થયું હતું.

વેન્કુવરમાં આવેલા ભારતના કોન્સ્યુલેટ જનરલે રવિવારે તેમના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો હતો.

વેન્કુવરમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે 'એક્સ' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "વેન્કુવર સ્થિત ભારતના કોન્સ્યુલેટ જનરલ, તમિલનાડુ અને પુડુચેરીના બે ભારતીય વિદ્યાર્થીઓ મનોજ શિવકુમાર અને શ્રીસરણ તિરુજ્ઞાનસંબન્થમના કેનેડામાં ફ્લાઈટ ટ્રેનિંગ દરમિયાન એક દુર્ઘટનામાં થયેલા આકસ્મિક અવસાન પર ઊંડો શોક વ્યક્ત કરે છે."

પોસ્ટમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, "આ મુશ્કેલ સમયમાં અમારી હાર્દિક સંવેદનાઓ તેમના શોકગ્રસ્ત પરિવાર અને સ્વજનો સાથે છે. મૃતદેહોને ભારત પરત લાવવા માટે પરિવારોને તમામ શક્ય કોન્સ્યુલર સહાય પૂરી પાડવા માટે કોન્સ્યુલેટ તૈયાર છે. દિવંગત આત્માઓને શાંતિ મળે."

# રશિયન સંસદીય ચૂંટણીમાં પુતિનની પાર્ટીનો દબદબો

**વિપક્ષ** વિના યોજાયેલી ચૂંટણીમાં પુતિનના પક્ષનો ૪૫૦માંથી ૩૫૫ બેઠકો પર કબજો; કબ્જે કરાયેલા યુક્રેનના વિસ્તારોમાં પણ કરાવાયું મતદાન

**કિવ** અને આંતરરાષ્ટ્રીય સમુદાયે પ્રક્રિયા સામે ઉઠાવ્યા સવાલો

**OSCEના** આંતરરાષ્ટ્રીય નિરીક્ષકોને પણ ચૂંટણી માટે આમંત્રણ ન અપાયું

મોસ્કો, તા. 21 (એપી): રશિયાની સંસદીય ચૂંટણીમાં ક્રેમલિનના શાસક પક્ષ 'યુનાઇટેડ રશિયા'એ નીચલા ગૃહ એટલે કે સ્ટેટ ડુમામાં પોતાની મજબૂત બહુમતી જાળવી રાખી છે. દેશમાં મોટાભાગના વિપક્ષી ઉમેદવારોને ચૂંટણી લડતા રોકવાની અને આકરા સરકારી નિયંત્રણો વચ્ચે યોજાયેલી આ મતદાન પ્રક્રિયા બાદ રશિયાના કેન્દ્રીય ચૂંટણી પંચે સોમવારે પ્રાથમિક પરિણામો જાહેર કર્યા હતા.

પંચના અધ્યક્ષ એલ્લા પામફિલોવા અનુસાર, ૯૫ ટકાથી વધુ મતદાન મથકોના પરિણામો દર્શાવે છે કે ૪૫૦ સભ્યો ધરાવતી સંસદમાં યુનાઇટેડ રશિયા પાર્ટીને એકલા હાથે ૩૫૫ બેઠકો મળવાનો અંદાજ છે.

સંસદની કુલ 450 બેઠકોમાંથી 225 બેઠકો પક્ષોના આધારે ફાળવવામાં આવે છે, જેમાં યુનાઇટેડ રશિયાને 58 ટકા જેટલા મત મળ્યા છે. જ્યારે બાકીની 225 બેઠકો પર ઉમેદવારો વચ્ચે સીધી સ્પર્ધા હતી, જેમાં પણ આ શાસક પક્ષના ઉમેદવારો 208 બેઠકો પર આગળ રહ્યા છે. વર્ષ 2022માં પ્રમુખ વ્લાદિમીર પુતિન દ્વારા યુક્રેન પર કરાયેલા પૂર્ણ કક્ષાના આક્રમણ બાદ આ પ્રથમ સંસદીય ચૂંટણી હતી.

આ મતદાનમાં 2014માં ગેરકાયદેસર રીતે રશિયામાં ભેળવી દેવાયેલા ક્રિમિયા ઉપરાંત 2022માં કબજે કરાયેલા યુક્રેનના ચાર અન્ય પ્રદેશોના નિવાસીઓને પણ આવરી લેવાયા હતા, જેનો યુક્રેનના પાટનગર કિવ દ્વારા સખત વિરોધ કરવામાં આવ્યો હતો.

મીડિયા પર સખત સેન્સરશીપ, આકરા નિયંત્રણો અને વાસ્તવિક વિપક્ષની ગેરહાજરીમાં ક્રેમલિન માટે આ જીત પહેલેથી જ નક્કી માનવામાં આવતી હતી. યાબ્લોકો અને કમ્યુનિસ્ટ પાર્ટીએ આરોપ લગાવ્યો હતો કે તેમના અનેક પોલિંગ ઓબ્ઝર્વર્સને મતદાન મથકોમાં પ્રવેશવા દેવાયા ન હતા. આ ઉપરાંત, રશિયાએ 'ઓર્ગેનાઇઝેશન ફોર સિક્યુરિટી એન્ડ કોઓપરેશન ઇન યુરોપ' (OSCE)ના આંતરરાષ્ટ્રીય નિરીક્ષકોને પણ આમંત્રણ આપ્યું ન હતું. યુક્રેનના કબજા હેઠળના ડોનેટ્સક વિસ્તારમાં યોજાયેલા મતદાન દરમિયાન હથિયારધારી રશિયન સૈનિકોની હાજરી વચ્ચે લોકોએ મતદાન કર્યું હોવાના અહેવાલો પણ સામે આવ્યા છે.

### યુદ્ધના વિરોધીઓ અને ઉદારવાદી નેતાઓને અંકુશમાં રખાયા

ચૂંટણી પહેલા ક્રેમલિને વિપક્ષ અને વિરોધી અવાજો પર ભારે દમનકારી નીતિ અપનાવી હતી. રશિયામાં યુદ્ધનો જાહેરમાં વિરોધ કરનાર એકમાત્ર ઉદારવાદી 'યાબ્લોકો' પક્ષને ગયા મહિને સુપ્રીમ કોર્ટ દ્વારા બેલોટ પેપર પરથી હટાવી દેવામાં આવ્યો હતો અને તેના માત્ર કેટલાક ઉમેદવારોને જ વ્યક્તિગત બેઠકો પર લડવાની મંજૂરી અપાઈ હતી. આ સિવાય ઘણા યુદ્ધવિરોધી નેતાઓને જેલમાં ધકેલી દેવાયા હતા અથવા દેશ છોડીને ભાગી જવાની ફરજ પાડવામાં આવી હતી.

# ભાજપ હવે યુવાન મતદારો માટે 'જેન ઝી'ને બદલે 'યુવા' શબ્દ વાપરશે

**ભાજપે** 'યુવા' શબ્દને ગણાવાયો વધુ સર્વસમાવેશક શબ્દ શિક્ષણ, રોજગાર અને કૌશલ્યના મુદ્દાઓ પર કેન્દ્રિત રહેશે યુવા સંપર્ક અભિયાન

**NEET-UG** વિવાદ, યુવાઓ દ્વારા પ્રદર્શનો અને ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ પક્ષનો નવો નિર્ણય

નવી દિલ્હી, તા. 21: ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પોતાના રાજકીય સંપર્ક અભિયાનમાં હવે યુવાનો માટે 'જેન ઝી' (Gen Z) શબ્દનો ઉપયોગ કરવાને બદલે વધુ વ્યાપક શબ્દ 'યુવા'નો ઉપયોગ કરશે.

પક્ષનું માનવું છે કે 'યુવા' શબ્દ વધુ સર્વસમાવેશક છે અને તે તમામ પેઢીના યુવાનોને આવરી લે છે. ભાજપના મતે યુવાનો કોઈ એક જ સમાન જૂથ નથી, પરંતુ વિવિધ પ્રદેશો અને પૃષ્ઠભૂમિ અનુસાર તેમની આકાંક્ષાઓ અલગ-અલગ હોય છે. તેથી, જેન ઝી જેવા મર્યાદિત લેબલને બદલે પક્ષ 'યુવા' શબ્દને એક છત્રછાયા સમાન વ્યાપક શબ્દ તરીકે વાપરવા માગે છે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે નીટ-યુજી (NEET-UG) પેપર લીક વિવાદ બાદ જેન ઝી દ્વારા ભારે વિરોધ પ્રદર્શનો યોજાયા હતા અને ઓગસ્ટમાં તત્કાલીન શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું પડ્યું હતું, આ સમગ્ર બનાવ બાદ ભાજપે પોતાનું યુવા સંપર્ક અભિયાન વધુ ઝડપી બનાવ્યું છે. ઓગસ્ટમાં યોજાયેલી એક બેઠકમાં જ પક્ષના યુવા નેતાઓએ 'જેન ઝી' શબ્દ ટાળીને 'યુવા' અને 'વિદ્યાર્થીઓ' શબ્દ પ્રયોજવાનું શરૂ કર્યું હતું.

આ બદલાવ નોંધપાત્ર છે કારણ કે તાજેતરમાં જ ભાજપે તેના ડિજિટલ પ્રચારમાં મીમ્સ, શોર્ટ વીડિયો અને પોપ-કલ્ચર દ્વારા યુવાનો સુધી પહોંચવા માટે આ શબ્દનો પ્રચુર માત્રામાં ઉપયોગ કર્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદી સહિતના નેતાઓએ પણ ભૂતકાળમાં ભારતના વિકાસમાં આ પેઢીના યોગદાન વિશે વાત કરી હતી. જોકે, ભાજપ માટે આ ફેરફાર માત્ર શબ્દભંડોળ પૂરતો જ છે, યુવા સંપર્ક અભિયાન ઓછું કરવા માટે નથી. પક્ષ શિક્ષણ, કૌશલ્ય, ટેકનોલોજી અને રોજગાર જેવા મુદ્દાઓ પર કેન્દ્રિત થઈને દેશના યુવાનો સાથે સતત જોડાયેલો રહેશે.

# 'UFO ઘટના'ના 50 વર્ષ બાદ તહેરાનમાં ફરી દેખાઈ રહસ્યમય ઉડતી વસ્તુ

**અઝાદેગાન** એક્સપ્રેસવે પર રાત્રે વિભિન્ન રંગોની રોશની સાથે ઉડતી વસ્તુ દેખાતા વીડિયો વાયરલ

**યુદ્ધના** તણાવ વચ્ચે UFO કે લશ્કરી ડ્રોન? સોશિયલ મીડિયા પર અટકળોનું બજાર ગરમ

તહેરાન, તા. 21: '1976ની ચર્ચિત યુએફઓ (UFO) ઘટના'ના 50 વર્ષ પછી ફરી એકવાર ઈરાનના પાટનગર તહેરાનના આકાશમાં રહસ્યમય રોશની ધરાવતી વસ્તુ જોવા મળતા ભારે કૌતુક સર્જાયું છે. સોશિયલ મીડિયા વાયરલ થયેલા વીડિયોમાં 20 સપ્ટેમ્બરની રાત્રે અઝાદેગાન એક્સપ્રેસવે નજીક તેજસ્વી, રંગબેરંગી લાઈટો ધરાવતી એક વસ્તુ ખૂબ નજીકથી ઉડતી દેખાઈ રહી છે. જોકે, આ અંગે ઈરાની સત્તાવાળાઓ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન કે ચેતવણી જારી કરવામાં આવી નથી.

સોશિયલ મીડિયા પર આ ઘટનાને લઈને વિવિધ અટકળો ચાલી રહી છે. કેટલાક લોકો તેને લશ્કરી ડ્રોન કે પછી કોઈ પતંગ હોવાનું માની રહ્યા છે, પરંતુ આ વીડિયોની સ્વતંત્ર પુષ્ટિ થઈ શકી નથી. આ ઘટના એવા સમયે બની છે જ્યારે ઈરાન અને અમેરિકા વચ્ચે પ્રાદેશિક તણાવ ચરમસીમા પર છે અને ઈરાની સેનાએ વળતા પ્રહારની ચેતવણી આપી છે.

આ નવી ઘટનાએ સપ્ટેમ્બર 1976માં તહેરાનમાં બનેલી પ્રખ્યાત યુએફઓ ઘટનાની યાદો તાજી કરી છે, જ્યારે ઈરાની એફ-4 ફાઈટર જેટ્સ પણ આકાશમાં દેખાયેલી અજાણી વસ્તુની તપાસ માટે રવાના કરાયા હતા.

# યુપી: એટા કોર્ટમાં એડિશનલ સિવિલ જજને હૃદયરોગનો હુમલો આવ્યો

એટા (યુપી), તા. 21 (પીટીઆઈ): એટા કોર્ટ પરિસરમાં કામ કરતી વખતે સોમવારે એક એડિશનલ સિવિલ જજની તબિયત અચાનક બગડી ગઈ હતી અને ડૉક્ટરોએ તેમને હૃદયરોગનો હુમલો આવ્યો હોવાનું જણાવ્યા બાદ તેમને ઉચ્ચ તબીબી કેન્દ્રમાં રીફર કરવામાં આવ્યા હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

કોર્ટ નંબર 23માં એડિશનલ સિવિલ જજ (જુનિયર ડિવિઝન) તરીકે તૈનાત આરતી મૌર્યની તબિયત અચાનક બગડતાં તેમને વીરાંગના અવંતિબાઈ લોધી ઓટોનૉમસ સ્ટેટ મેડિકલ કૉલેજના ઈમરજન્સી વિભાગમાં લઈ જવામાં આવ્યા હતા.

ડૉક્ટરોએ તેમની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને ઉચ્ચ કેન્દ્રમાં રીફર કરતા પહેલા તેમને પ્રાથમિક સારવાર આપી હતી. સત્તાવાર રેકોર્ડ મુજબ, મુખ્યપુરીના વતની 32 વર્ષીય મૌર્ય 2019માં ન્યાયિક સેવાઓમાં જોડાયા હતા અને આ વર્ષે એપ્રિલમાં તેમની એટા ખાતે બદલી થઈ હતી. કોતવાલી નગરના સ્ટેશન હાઉસ ઓફિસર ધર્મેન્દ્ર પવારે જણાવ્યું હતું કે, પોલીસને માહિતી મળી હતી કે કોર્ટ પરિસરમાં જજને હૃદયરોગનો હુમલો આવ્યો છે.